



પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ઓક્ટોબર ૩૧, ૨૦૨૧ • આસો વદ ૧૦, સંવત ૨૦૭૭

Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

# ભારતમાં કોરોના વેક્સિનેશન ૧૦૦ કરોડને પાર. ગુજરાતમાં અઢી કરોડ લોકોને બંને ડોઝ

ભારતે ૨૧ ઓકટોબરે ૧૦૦ કરોડ કોરોના વેક્સિન ડોઝનો જાદુઈ આંકડો સ્પર્શી લીધો છે. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને આ અંગેની શુભેચ્છા પાઠવી હતી અને લખ્યું હતું કે, ભારતે ઈતિહાસ રચ્યો. આપણે ભારતીય વિજ્ઞાન, ઉદ્યમ અને ૧૩૦ કરોડ ભારતીયોની સામૂહિક ભાવનાનો વિજય જોઈ રહ્યા છીએ. આપણા ડોક્ટર્સ, નર્સો અને આ ઉપલબ્ધિ હાંસલ કરવા માટે કામ કરનારા તમામ લોકોનો આભાર. વડાપ્રધાન મોદીએ તહેવારો દરમિયાન લોકોને સાવધ રહેવાની વિનંતી કરતાં કહ્યું કે, આખા દેશમાં ઉત્સવનું વાતાવરણ છે અને આપણે ટૂંક સમયમાં કોરોના સામે વિજય હાંસલ કરી લઈશું. પરંતુ તેમણે લોકોને ચેતવણી આપતાં કહ્યું કે કોરોના સામે યુદ્ધ હજુ ચાલુ જ છે. તહેવારોમાં લોકોએ બેદરકાર થવાના બદલે વધુ સાવધાની રાખવી પડશે. કોરોના સામે રસીરૂપી કવચ ગમે તેટલું મજબૂત હોય, પરંતુ યુદ્ધ ચાલુ છે ત્યાં સુધી આપણે હથિયારો મૂકી દેવાના નથી. દેશમાં કોરોના વેક્સિનેશન સામે ગુજરાતમાં પણ પુરજોશમાં વેક્સિનેશન ચાલી રહ્યું છે. વસતીની ટકાવારીની દૃષ્ટિએ રસીકરણ મામલે ગુજરાત દેશમાં અગ્રિમ હરોળમાં છે. ગુજરાતમાં અત્યાર સુધી ૬ કરોડ ૯૯ લાખથી વધુ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાં ૪ કરોડ ૪૬ લાખથી વધુને રસીનો પહેલો ડોઝ અને ૨ કરોડ ૫૨ લાખથી વધુને રસીના બંને ડોઝ આપવામાં આવ્યા છે.

(Source : www.gujaratsamachar.com)

# મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે જર્મન એમ્બેસેડર શ્રી વોલ્ટર લિંડનેર



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત જર્મન એમ્બેસેડર શ્રી વોલ્ટર લિંડનેર અને મુંબઈમાં જર્મનીના કોન્સ્યુલ જનરલ શ્રી જુર્ગેન મોરહર્દે લીધી હતી. જર્મન એમ્બેસેડરશ્રીએ ગુજરાત સાથેના સાંસ્કૃતિક અને વેપાર-વણજના સંબંધો વિકસાવવાની ઉત્સુકતા દર્શાવતાં કહ્યું કે, ગુજરાતમાં શ્રેષ્ઠ પ્રશાસનિક વ્યવસ્થાઓ અને બિઝનેસ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટને પરિણામે ૧૦ ઉપરાંત જર્મન કંપનીઓ અહીં કાર્યરત છે. મુખ્યમંત્રીશ્રીએ સરકાર દ્વારા ગુજરાતમાં કાર્યરત જર્મન ઉદ્યોગ ગૃહોને સહકાર, મદદ પૂરી પાડવાની નેમ વ્યક્ત કરી હતી.

(Source : https://cmogujarat.gov.in)

ગુજરાત રાજ્ય
બિન નિવાસી ગુજરાતી
પ્રતિષ્ઠાન

**વ્હાલાં બિન-નિવાસી ગુજરાતી ભાઈઓ અને બહેનો**

દિવાળી એટલે પ્રકાશનો ઉત્સવ.

અધર્મ પર ધર્મનો, પાપ પર પુણ્યનો અને અંધકાર પર પ્રકાશનો વિજય કરી ભગવાન શ્રી રામ ચૌદ વર્ષનો વનવાસ પૂર્ણ કરી અયોધ્યા પરત ફર્યા હતા. આ દિવસને આપણે સહુ દિવાળી પર્વ તરીકે ઉજવીએ છીએ.

આપ સહુ બિન-નિવાસી ગુજરાતીઓ, ભલે ગુજરાતથી દૂર વસો છો પણ આપના દિલમાં સદૈવ ગુજરાતનો ધબકાર ધડકે છે, ગુજરાતની સુવાસ આપ પોતાની આસપાસ મહેસુસ કરો છો. દૂર રહીને પણ પોતાના વતન માટે કંઈક કરી છૂટવા આપ હંમેશા તત્પર રહો છો. આપની આ ભાવનાને તહેદિલથી સલામ.



ચાલો, સાથે મળીને આપણી સંસ્કૃતિ અને આપણા મૂળને મજબૂત કરીએ.

**આપ તેમજ આપના પરિવારજનોને દિવાળીની ખૂબ ખૂબ શુભકામનાઓ અને આવનાર નવા વર્ષ માટે અભિનંદન**

Contact Address
**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.
Phone : +91-79-23238278
E-mail : nrgfoundation@yahoo.co.in
www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

## ઠાસરાના પુત્રવધૂ આશાબેન ઓસ્ટ્રેલિયન પોલીસમાં



આશરે ૬ વર્ષ પહેલા ધર્મજમાં રહેતા આશાબેન પટેલના લગ્ન ઠાસરામાં રહેતા તુષારભાઈના દીકરા જયકિશન પટેલ સાથે થયા હતા. લગ્ન બાદ બંને પતિ-પત્ની ઓસ્ટ્રેલિયા સ્થાયી થયા હતા જ્યાં સસરાના માર્ગદર્શનથી બંનેએ ઓસ્ટ્રેલિયન પોલીસની પરીક્ષા માટે તૈયારીઓ શરૂ કરી હતી. ત્યારબાદ આશાબેને આ પરીક્ષામાં સફળ થઈને વિક્ટોરિયા પોલીસ, મેલબોર્નમાં પોલીસ અધિકારી તરીકે જવાબદારી સંભાળી છે અને છેલ્લા ૩ મહિનાથી ફરજ બજાવી રહ્યાં છે.

(Source : www.divyabhaskar.co.in)

## વિહાર મોદી ઓસ્ટ્રેલિયામાં 'બિઝનેસ પર્સન ઓફ ધ યર'થી સન્માનિત થયા



રાજપીપળાના યુવાન વિહાર મોદીએ ઓસ્ટ્રેલિયા જઇ એડિથ કોવાન યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગમાં માસ્ટર્સ પૂર્ણ કર્યું. એન્જિનિયરિંગની નોકરી સાથે સબવેમાં પાર્ટ ટાઇમ કામ શરૂ કર્યું. ૨૦૧૬ના અંત સુધીમાં તેમણે પોતાનો બિઝનેસ શરૂ કરવા માટે એન્જિનિયરિંગની નોકરી છોડી. ૨૦૨૦માં તેમણે બે સ્ટોર ખોલ્યા અને તેનું ટર્નઓવર એક વર્ષમાં ૩૦૦ ટકા વધુ થઈ ગયું. હાલમાં જ તેમને ઇન્ટરનેશનલ બિઝનેસ કાઉન્સિલ ઓફ ઓસ્ટ્રેલિયા તરફથી એવોર્ડ મળ્યો છે.

(Source : www.divyabhaskar.co.in)

## કોલફિલ્ડ ગુજરાતી બ્રહ્મ સમાજ દ્વારા વૃદ્ધોનું સન્માન



ઝારખંડના ધનબાદ સ્થિત કોલફિલ્ડ ગુજરાતી બ્રહ્મ સમાજે ૧૭મી ઓક્ટોબરે સાંજે LRD ચોક ખાતે એક કાર્યક્રમનું આયોજન કરીને સમાજના વરિષ્ઠ નાગરિકોનું સન્માન કર્યું. તાજેતરમાં બેંક મોડ શ્રીકૃષ્ણ પ્લાઝામાં લાગેલી ભીષણ આગમાં પોતાનો જીવ જોખમમાં મૂકીને છ-સાત લોકોને બચાવનાર લક્ષ્મીકાંત ચાવડાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું નેતૃત્વ કરી રહેલા નીતિન ભટ્ટે જણાવ્યું હતું કે સમાજના વરિષ્ઠ નાગરિકો અમારી કરોડરજ્જુ છે. આજની યુવા પેઢીએ તેમના માર્ગદર્શન હેઠળ સંસ્કૃતિને જીવંત રાખી છે. આ પ્રસંગે સમાજના અગ્રગણ્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

(Source : www.livehindustan.com)

## જ્યોત્સના પટેલનો અમેરિકાના ક્રિકેટ હૉલ ઓફ ફેમમાં સમાવેશ



ક્રિકેટ હૉલ ઓફ ફેમ (CHoF) ફર્સ્ટ ઇન ધ વર્લ્ડ એ અમેરિકામાં ક્રિકેટને લોકપ્રિય બનાવવા માટે ૪૦ વર્ષથી કાર્યરત અને યુએસમાં ક્રિકેટ ચાહકોની સંસ્થા છે. ગુજરાત માટે ગૌરવની વાત એ છે કે CHoFના બૉર્ડ ઓફ ડિરેક્ટર્સમાં વર્ષ ૨૦૨૦માં સ્થાન પામેલા ગુજરાતી જતિન પટેલ બાદ હવે વર્ષ ૨૦૨૧ માટે પણ અમેરિકામાં ક્રિકેટને પ્રોત્સાહન આપતાં વધુ એક ગુજરાતી જ્યોત્સના પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. વર્ષ ૧૯૭૪થી ૧૯૭૮ દરમિયાન ભારતની રાષ્ટ્રીય મહિલા ક્રિકેટ ટીમમાં સ્થાન ધરાવનારા જ્યોત્સના પટેલ મધ્યપ્રદેશના ઇંદોરમાં રહેતા ગુજરાતી પરિવારમાં જન્મ્યાં હતાં.

(Source : https://sandesh.com)

## બે મહાસાગર પાર કરનારી વિશ્વની પ્રથમ મહિલા પાયલોટ દ્વારા જેઆરડી ટાટાને અનોખી શ્રદ્ધાંજલિ



ભારતમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રના જનક જેઆરડી ટાટાને શ્રદ્ધાંજલી આપવા માટે ભુજમાં ૮૯ વર્ષ જૂની ઘટનાનું પુનરાવર્તન કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક અવસર રચતા ૨૦૧૯માં એટલાન્ટિક અને પેસિફિક મહાસાગરો પાર કરનારી વિશ્વની પ્રથમ મહિલા પાયલોટ આરોહી પંડિતે ૧૫ ઓક્ટોબરે જીપીએસ લોકેશન કે અન્ય કોઈ ટેકનોલોજીના ઉપયોગ વગર માત્ર રોડમેપના માધ્યમથી જ ભુજથી જુહુ સુધી ફ્લાઈટની ઉડાન ભરી હતી. જેઆરડી ટાટાએ ૧૫ ઓક્ટોબર ૧૯૩૨ના રોજ કરાચીથી અમદાવાદ થઈ જુહુ (મુંબઈ) સુધી પહેલી ફ્લાઈટ ઉડાવી હતી.

(Source: https://navgujaratsamay.com)

## પ્રિયાંશને ઓક્સફર્ડ યુનિ.માં પીએચડીમાં પ્રવેશ મળ્યો



મૂળ સૌરાષ્ટ્રનાં ગારિયાધારના વાવડી ગામના વતની અને હાલ સુરતમાં રહેતા ધનસુખભાઇ ગુજરાતીના ૨૧ વર્ષના પુત્ર પ્રિયાંશે ધો.૧ થી ૭ સુધી પી.પી.સવાણી સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. બાદમાં ધો.૧૨ સુધી બેંગલોરમાં સ્ટડી કર્યા પછી તેણે અમેરિકાની ટાઉસન યુનિવસટીમાં કેમેસ્ટ્રીમાં બેચલર ડિગ્રી મેળવી હતી. તેના રિસર્ચને આઠ એવોર્ડ પણ મળ્યા હતા. તેના ત્રણ લેખ અમેરિકાનાં જનરલમાં પ્રસિદ્ધ થયા હતા. તેના અમેરિકાના રિસર્ચનાં આધારે તેને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ઓર્ગેનિક કેમેસ્ટ્રીમાં પીએચડી માટે એડમીશન મળ્યુ છે. પ્રિયાંશ સારો તબલા વાદક પણ છે.

(Source : https://sandesh.com)

# જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની ‘વતન પ્રેમ યોજના’

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે ‘માદરે વતન યોજના’ અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ ‘વતન પ્રેમ યોજના’ રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ કલાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોક્ત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે ‘વતન પ્રેમ યોજના સોસાયટી’ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે ‘વતન પ્રેમ સોસાયટી’ દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. P M U દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો




બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા ‘ગુજરાત કાર્ડ’ એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

# દિવાળી સાથે જોડાયેલા અનોખા રીતરિવાજો

**દિવાળી સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ પરંપરાઓ જેમાંથી કેટલીક આજે પણ ઉજવાય છે.**

'દીપાવલી' શબ્દ સંસ્કૃત ભાષાનો છે. સંસ્કૃતમાં 'દીપાવલી'નો અર્થ દીપકોની હારમાળા એવો થાય છે. પ્રજ્વલ્લિત દીવાઓની હારમાળાની ભવ્યતા સૌને રોમાંચિત કરે છે. દીવો એ જ્ઞાનનું પ્રતીક છે. યુગોથી ભારતીય સંસ્કૃતિએ અજ્ઞાનતા અને અંધકારને દૂર કરવા જ્ઞાનરૂપી દીવાની સમજ સ્વીકારી છે.

ગુજરાતમાં દીપાવલી પર્વની ઉજવણી પાંચ દિવસની હોય છે. સમાજના સૌ પરિવારો પોતાના ઘરોને દીવાઓથી સજાવે છે. સ્મૃતિ અને સંપત્તિની દેવી મા લક્ષ્મીજીનું આહ્વાન કરાય છે. ઉમંગના આ સમયે નાના-મોટા સૌ સાથે મળી એકબીજાને શુભેચ્છા પાઠવી, મીઠાઇ આરોગી, ફટાકડા ફોડી આનંદ પામે છે.

દીપાવલીના પર્વને લઇ અનેકવિધ દંતકથા તેની સાથે જોડાયેલી છે. એક કથા અનુસાર આ દિવસે ભગવાન વિષ્ણુના લગ્ન સમૃદ્ધિની દેવી મા લક્ષ્મી સાથે થયા હતાં. બીજી પ્રચલિત કથા અનુસાર આ દિવસે ભગવાન શ્રીરામ ૧૪ વર્ષના વનવાસ બાદ લંકાપતિ રાવણનો વધ કરી વિજય પ્રાપ્ત કરી અયોધ્યામાં પાછા ફર્યા હતા. આ પ્રસંગે અયોધ્યાવાસીઓએ ઘરે ઘરે દીપમાલાઓ પ્રગટાવી તેમનું સ્વાગત કર્યું હતું. અન્ય બીજી પૌરાણિક કથા અનુસાર ભગવાન શ્રીકૃષ્ણે આ દિવસોમાં રાક્ષસરાજ નરકાસુરનો વધ કરી સમાજને તેના ભય અને આસુરી વૃત્તિથી મુક્ત કર્યા હતા.

દીપાવલી પર્વના પાંચ દિવસોનો ઉત્સવ અવર્ણનીય હોય છે. ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, પડવો અથવા વર્ષપ્રતિપદા (જે દિવસથી વિક્રમ સંવતના નવા વર્ષનો પ્રારંભ થાય છે) અને પાંચમા દિવસે ભાઇ-બીજ પર્વની ઉજવણી થાય છે. ત્યારબાદ સાતમા દિવસે લાભપાંચમ પર્વ આવે છે. નવા કામકાજની શરૂઆત આ દિવસે કરવામાં આવે છે. દીપાવલીનું પર્વ આશા-ઉમંગની વધામણીનું છે. ગુજરાતીઓ એકબીજાને પ્રેમપૂર્વક મળી પ્રેમ-શુભેચ્છાની આપ-લે કરે છે.

વાઘ બારસ એટલે કે વાક બારસ અને આ દિવસે વાણીની દેવી સરસ્વતીનું પૂજન થાય છે. ઘણા આદિવાસી અને જંગલ વિસ્તારોમાં વાઘ (જંગલી પશુઓ)નું પૂજન પણ થાય છે. ત્યાર બાદ ધનતેરસ એ દેવી લક્ષ્મીની પૂજાનો દિવસ છે. પ્રથમ વિદ્યાની દેવી સરસ્વતીનું પૂજન કરી બીજે દિવસે લક્ષ્મી-પૂજનનો અર્થ એ છે કે જ્ઞાનનું મહત્વ ધન દોલતથી વધારે છે. લક્ષ્મી પૂજનના દિવસે દેવી લક્ષ્મીજી પાસે માત્ર ધન નહી, સંતાન અને ધન બંનેની માગણી કરવાની પૂજા થાય છે. કાળી ચૌદશના દિવસે અશુભ તત્વો કે આસુરી શક્તિઓ આપણા જીવનથી દૂર રહે તે માટે પ્રાર્થના કરવામાં આવે છે, તો વળી કેટલાક લોકો સ્મશાનમાં પૂજા પણ કરે છે. દિવાળીના દિવસે દીપ પ્રગટાવી આનંદ ઉત્સવ મનાવાય છે. વિવિધ પ્રકારની મીઠાઈઓ અને ફરસાણ બનાવવાનો અને ખાવાનો પણ રિવાજ છે. બીજા દિવસે કારતક સુદ એકમ એટલે કે નવું વર્ષ મનાવાય છે. સહુ એક-બીજાને મળી શુભેચ્છાઓ પાઠવે છે. વેપારીઓ ચોપડા પૂજન કરી નવા વર્ષના કામકાજનો પ્રારંભ કરે છે. કાર્તિકના અજવાળિયાના પ્રથમ દિવસે ભગવાન શ્રીકૃષ્ણએ ગોવર્ધન પર્વત ટચલી આંગળી પર ઉપાડી ગોકુળના લોકોની ઇન્દ્રના ક્રોધથી રક્ષા કરી હતી. આ જ દિવસે રાજા વિક્રમાદિત્યને મુગટ પહેરાવવામાં આવ્યો હતો. બીજા દિવસે ભાઈબીજે ભાઈઓ બહેનના ઘરે જાય છે. બહેન ભાઈને જમાડી તેના શુભ માટે પ્રાર્થના કરે છે, તો ભાઈ બહેનને ભેટ-સોગાદ આપે છે.

દિવાળી એ આપણો સૌથી અગત્યનો તહેવાર છે. સમગ્ર દેશમાં એ ધામધૂમથી ઉજવાય છે. ભારત અનેકતામાં એકતાનો દેશ છે. દરેક રાજ્ય અને પ્રદેશ પ્રમાણે તેની ઉજવણી, રીત-રિવાજોમાં ભિન્નતા જોવા મળે છે. ગુજરાતના અમુક વિસ્તારોમાં તેમજ આદિવાસી વિસ્તારોમાં દિવાળીનો તહેવાર થોડો અલગ રીતે ઉજવાય છે. તેમની ઉજવણી મોટાભાગે સ્થાનિક રીતરિવાજ મુજબની હોય છે.

## મેર-મેરાયું

જૂની સંસ્કૃતિમાં આળોટીને ઉછરેલા સૌ કોઈ આ વાતને જાણે છે પણ નવી પેઢીમાં જન્મેલા બાળકો માટે 'મેરાયું' શબ્દ સાવ અજાણ્યો છે. 'મેરાયું' એટલે હાથે પકડીને ઊંચે રાખેલું કે ધરેલું સળગતું ડફણું. દિવાળીના સંદર્ભમાં જોઈએ તો મેરાયું કે મેરમેરાયાનો અર્થ દિવાળીની રાતે છોકરાં શેરડીને સાંઠે જે કાકડો કે મશાલ બાંધી દીવો કરે છે તે. આજે સાંસ્કૃતિક પરિવર્તનનો પવન ગામડાઓને પણ ધમરોળવા માંડ્યો છે. લોકોના પહેરવેશ, ખાનપાન અને રીતરિવાજોમાં પણ પરિવર્તન આવવા માંડ્યુ છે. આ બધાની સાથે ગામડાની કૃષિ અને ગોપપ્રધાન પ્રજા દિવાળીના અવસરે મેરાયું પ્રગટાવીને ઢોરઢાંખરની સુખાકારી ઇચ્છતી એ બધા રિવાજો પણ નામશેષ થતાં જાય છે.



ગામડામાં નવી પરણીને આવેલી વહુવારુ દિવાળીના દિવસે શેરડીના કટકાની ઉપરથી ચાર ચાર ચીરી કરી તેમાં નાળિયેરની કાચલી મૂકી તેમાં કપાસિયા અને કપડાની વણેલી વાટ મૂકી, તેલ પૂરી મેરાયું પ્રગટાવે છે અને દીકરીઓ સાથે હાથમાં મેરાયું લઈ ગાતી ગાતી કુટુંબીઓના ઘરે જાય છે.

ગાવડી માવડી
મેર મેરાયું
તેલ પુરાવો

કુટુંબની સ્ત્રીઓ નવી પરણેતરના હાથમાં બે-પાંચ રૂપિયા મૂકી આશીર્વાદ આપી મેરાયામાં તેલ પૂરે છે. એ વર્ષમાં જન્મેલા દીકરાની માતા પણ દિવાળીના દિવસે મેરાયું પ્રગટાવી ફળિયાના પાડોશીઓને ત્યાં જાય છે અને આશીર્વાદ માંગે છે ને મેરાયામાં તેલ પુરાવે છે. કુટુંબીઓ બાળકને આશીર્વાદ સાથે પૈસા આપે છે. આ પરંપરા આજે તો લગભગ નામશેષ થઈ ગઈ છે.

આ સિવાય પણ ગામના લોકો શુભ આશિષ માટે મેરાયા બનાવતા. દિવાળીની સવારે લીલા લાકડા અથવા શેરડીના દોઢ-બે ફૂટના ટુકડાને એક છેડે નાના આડાઉભા બે ચિરા કરી સુતરાઉ કપડાની વાટ આ ચિરામાં પરોવી ગૌછાણ લીપીને કોડિયાનો આકાર બનાવાય. તેને તડકે મૂકી સુકવી દેવાય. સાંજ પડે એટલે એમાં તેલ પુરાય, કપાસીયા નખાય અને વાટને પ્રગટાવાય. આ રીતે બનતા મેરાયાને ઘરને ખૂણે ખૂણે ફેરવી, પોતાના પશુઓ પરથી ગોળ ગોળ ફેરવીને સહુના શુભ માટે પ્રાર્થના કરવામાં આવે છે. પછી મેરાયાનો હવાલો છોકરાંઓને સોંપાય છે. છોકરાંઓ મેરાયાને લઈ ફળિયાના ઘેર ઘેર ફરી ગાતા ગાતા જાય છે –

ઘી પુરાવે તેને ઘેટી છોડી
તેલ પુરાવે તેને તેર તેર છૈયા
આજ દિવાળી કાલ દિવાળી,
ગોકળિયાની ગાડગુવાળી,
સઈના છોકરાં ખાય સુવાળી,
મેર મેર રાજા

આ સરઘસ શેરીના નાકે ભેગું થાય. બધી જ શેરીના છોકરાંઓ સાથે ગામની ભાગોળ તરફ આગળ વધે. શેરીના નાકેનાકે સ્ત્રીઓ તેમાં તેલ પુરાવે, એક મહાઉત્સવ જેવો માહોલ હોય. આખું સરઘસ ગામની ભાગોળે કે તળાવની પાળે મેરાયા છોડી આવે.



સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પ્રાચીન સમયમાં માટીનાં મેરાયાની પ્રથા હતી. ગામના પ્રજાપતિ દિવાળીના દિવસે જ મેરાયા બનાવતા, તે જ દિવસે સુકવીને પકવ્યા વગરનાં જ મેરાયા ગ્રાહકોને વહેંચી દેવામાં આવતા. મેરાયાની સામે પ્રજાપતિને અનાજ, કઠોળ, તેલ, ઘી જેવી ચીજો આપવામાં આવતી.

## શામપુરના ડુંગર પરનું મેરાયું

અરવલ્લી જિલ્લામાં ૧૩ ફૂટ ઊંચુ સવા મણ ઘી સમાય તેવા તાંબાના કોડિયાવાળું મેરાયું વર્ષોથી અડીખમ છે. શામપુર નજીક કુંઢેરા ડુંગર પર ૧૩ ફૂટ ઉંચુ મેરાયું પ્રગટાવી દિવાળીની અનોખી ઉજવણી કરવામાં આવે છે. શામપુર કુંઢેરા મહાદેવના મહંતશ્રીના જણાવ્યા અનુસાર મહાભારતના સમયથી અહીં મેરાયું પ્રગટાવાની પરંપરા ચાલી આવી છે, જે આજે પણ ગ્રામજનો દ્વારા જાળવી રાખવામાં આવી છે. હાથમાં મેરાયું લઇને તેલ પુરવાની પરંપરા ધીરે ધીરે ભૂલી જવાઇ છે, પણ આ ડુંગર પર આવેલું મેરાયું પ્રગટાવવા ગ્રામજનો દિવાળીના દિવસે પહોંચી જાય છે. અરવલ્લીની ગીરીમાળાઓમાં શામપુરાના ડુંગર પર પ્રગટાવાતા આ મેરાયાનો પ્રકાશ આસપાસના રામપુર, ગઢડા, ખંભીસર, સરડોઇ, મેઢાસણ, લાલપુર, નવા, દાવલી સહિતના ગામથી જોઈ શકાય છે.



મોડાસા તાલુકાના શામપુર ગામના ડુંગર પર આવેલા આ મેરાયામાં ગ્રામજનો દિવાળીના દિવસે તેલ પુરે છે અને દેવદિવાળી સુધી તેની પૂજા કરે છે. ગ્રામજનો માનતા રાખે છે અને માનતા પૂર્ણ થતાં જ દિવાળીના દિવસે આ મેરાયામાં તેલ પુરવા માટે આવે છે. દિવાળી નજીક આવતા ગ્રામજનો દ્વારા મેરાયાની સાફસફાઈ તેમજ જાળવણી કરવાની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવે છે.



## નિઝર કુકરમુંડાની 'ગાવદિવાળી'

તાપી જિલ્લાના નિઝર અને કુકરમુંડા તાલુકાના ગામડાઓ ૮૫ ટકા આદિવાસી વસતી ધરાવતો વિસ્તાર છે. આ વિસ્તારોના ગામડાઓમાં રહેતા આદિવાસી સમાજના લોકો વંશપરંપરાગત પ્રકૃતિના પૂજક રહ્યા છે. પ્રાચીન પ્રણાલી અનુસાર આ ગામડાઓના લોકો દિવાળી પછી પોતાના ગામડાનો તહેવાર 'ગામદિવાળી' પોતાના રિવાજ અનુસાર ઉજવે છે. આ ઉજવણી કયા દિવસે કરવી એ નક્કી કરવા ઢંઢેરો પીટી ગામના અને ઘરના એકએક મુખ્ય વડીલને ગામના મુખિયાને ત્યાં બોલાવવામાં આવે છે. બધા ભેગા મળી ગામદિવાળી ઉજવવાનો દિવસ નક્કી કરે છે. નક્કી થયેલા દિવસે ગામમાં ખેતીવાડીના કામકાજો બંધ રાખવામાં આવે છે. આ તહેવારને ઉજવવા માટે ઘરદીઠ બે-પાંચ રૂપિયાનો ફાળો અને ચોખાદાળ કે અન્ય રોજીંદી ખાવાની વસ્તુઓને ભેગી કરવામાં આવે છે. ગામદિવાળીનું સ્થાન પૂર્વજો તરફથી નક્કી કરેલું હોય છે. એ સ્થાન પર જઈ સમૂહમાં ભેગી કરેલી સામગ્રીને રાંધવામાં આવે છે. ગામદિવાળી માતાની મૂર્તિની પૂજા કરવામાં આવે છે અને બધા ભેગા મળી રાંધેલો ખોરાક જમે છે.



આ તહેવારની ઉજવણી પાછળ એક માન્યતા રહેલી છે. સાતપુડા સ્થિત દિવાળીમાતા નિઝર કુકરમુંડા તાલુકાઓના ગામડાઓમાં એક સમયે ગામેગામ ફરતા હતા અને રાત્રિરોકાણ પણ આ ગામડાઓમાં જ કરતાં હતા. માતા દરેક ઘરે ફરી તેમના દુ:ખો, ખેતીવાડીમાં તથા પશુધનને આવતી મુશ્કેલીઓ સાંભળતા અને દૂર કરતાં હતા. માટે જ દિવાળીમાતાની પૂજા વંશપરંપરાગત ચાલી આવેલી રૂઢી પ્રમાણે રાતના સમયે કરવામાં આવે છે. બીજા દિવસે ખેડૂતો ખેતરોના શેઢે દિવાળીમાતાની મૂર્તિ કે સીમાંર્યા દેવની મૂર્તિ મૂકી તેમની પૂજા અર્ચના કરતા હોય છે. ગામદિવાળી અને ગાવ દેવતીએ એક જ નામ છે અને તેમનું ગામે ગામે પૂજન એટલા માટે કરવામાં આવેલ છે કે પોતપોતાનું ગામ સુરક્ષિત રહે. ગામમાં કોઈ મોટી આપદા કે કુદરતી સંકટ ના આવે અને ખેતીવાડીમાં સારી ઉપજ આવે તેમજ પશુધન સહીસલામત રહે.

## ધોડિયા આદિવાસી સમાજની દિવાળી

ધોડિયા આદિવાસીઓ દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ જિલ્લામાં વસે છે. તેઓ કંસેરી (અન્નની દેવી)માં આસ્થા ધરાવે છે. ધોડિયા આદિવાસીઓ વાઘબારસને 'બારસી' કે 'બારહી' તરીકે ઓળખે છે. આ દિવસે વાઘદેવની પૂજા કરવામાં આવે છે અને વાઘદેવને પશુઓની રક્ષા માટે પ્રાર્થના કરવા ગામના લોકો એક ખાસ જગ્યાએ ભેગા થઈ મોળી ખીર બનાવે છે. આ તહેવારમાં ખીચડી અને ચોખાના લોટના પાનગા બનાવવામાં આવે છે અને બધા એક



જગ્યાએ ભેગા મળીને જમે છે. દિવાળીના દિવસે તેઓ દેવો અને પશુઓની પૂજા કરે છે. આ દિવસે બણભો-બણભી, માવલી દેવને સિંદૂર કે કંકુથી રંગી પૂજા કરવામાં આવે છે. ખતરિયાની પૂજા કરી ઘરમાં બનેલી રસોઈમાંથી પહેલા ખતરિયાને નૈવેદ્ય ચડાવવામાં આવે છે. ખતરિયા એટલે પૂર્વજની નિશાની તરીકે લાકડાના કોતરણી કરેલા લંબચોરસ ટુકડાઓ જે ખેતરના કોઈ એક ખૂણામાં રોપવામાં આવે છે. પાલતુ પશુઓના શિંગડાને ગેરુ રંગથી રંગવામાં આવે છે અને તેમના શરીર પર રંગેલા હાથની છાપ પાડવામાં આવે છે. જેના ઘરે પશુઓ હોય તેમના ઘરે રાત્રે 'મેરિયું' કાઢવામાં આવે છે. મેરિયું કાઢવા માટે ભીંડાની લાકડીના એક છેડે ચાર ફાડા કરી કડવું નાનું ચીભડું અરધેથી કાપી તેના બીજ કાઢી તેમાં દિવેલનો દીવો સળગાવી ભીંડાની લાકડીના ફાડામાં મૂકવામાં આવે છે. તેમાં ઘરના સભ્યો પૈસા નાખે છે, પછી તે લાકડી લઈને આખા ઘરમાં તેને ફેરવતા ગીતો ગાવામાં આવે છે.

## સાવરકુંડલાનું રોમાંચક ઈંગોરીયા યુદ્ધ

સાવરકુંડલામાં આઝાદી સમયથી એટલે કે ૭૫ વર્ષથી દિવાળીની અનોખી ઉજવણીમાં સામસામા જૂથ વચ્ચે ઈંગોરીયા યુધ્ધ ખેલાય છે. દિવાળીનાં તહેવાર પહેલા એક માસ અગાઉ યુવાનો સીમમાં આવેલ ઈંગોરીયાનાં ઝાડ ઉપરથી ઈંગોરીયા તોડી લાવે છે. ઈંગોરીયાનાં ઝાડ બહુ મોટા નથી હોતા. આઠથી દશ ફુટનાં ઝાડમાંથી ઈંગોરીયા તોડી તેને સુકવી દેવામાં આવે છે. સુકાઈ ગયા બાદ છાલ કાઢી કાણું પાડીને તેમાં ગંધક-સુરોખાર દારૂ ઠાંસી ઠાંસીને ભરી દેવામાં આવે છે. ત્યારબાદ પથ્થરનાં ભુક્કાથી કાણું બુરી દઈ તેને સુકવવામાં આવે છે. આવી રીતે હજારો ઈંગોરીયા તૈયાર કરવામાં આવે છે.

સાવરકુંડલામાં ૭૫ વર્ષથી નાવલી નદીનાં બંને કાંઠે આવેલા સાવર અને કુંડલાનાં રહીશો ઈંગોરીયાની લડાઈ રમી નિર્દોષ આનંદ માણે છે. દિવાળીની રાત્રિએ થેલા ભરીને બે જૂથો વચ્ચે સામસામા એકબીજા



ઉપર સળગતાં અને ફુવારા જેવી આગ ઓકતાં ઈંગોરીયાં ફેંકી ચિચિયારીઓ સાથે એકબીજા જુથને હરાવવા હોડ જામે છે. આ ઈંગોરીયા સળગાવવા માટે કાથીની વાટનો ઉપયોગ કરવામાં આવે છે. હાલ ઈંગોરીયાનાં ઝાડ ઓછા થઈ જતાં દોરા માટેનાં નાના કોકડામાં દારૂખાનું ભરી ઈંગોરીયા યુધ્ધની પરંપરા ચાલુ રખાઈ છે. સાવર અને કુંડલા એમ બે જૂથ વચ્ચે ખેલાતાં ઈંગોરીયા યુધ્ધમાં ઈંગોરીયાને સળગાવી ફેંકવામાં આવતાં રોકેટની જેમ ફુવારા સાથે દૂર દૂર સુધી જાય છે.

## આદિવાસી પંથકમાં દિવાળીની દીવી સળગાવીને ઉજવણી




દક્ષિણ ગુજરાતના રાજપીપળાની આસપાસના ગામડાઓમાં લોકો રસોડામાં દીવી સળગાવી સંપૂર્ણ ઘરમાં તેનો ધૂપ કરે છે અને ત્યાર બાદ દર વર્ષે સળગાવાતી હોળીના સ્થાને દીવીઓ મૂકી દે છે જેથી દિવાળી દરમિયાન પણ હોળી સળગાવી હોય તેવો માહોલ જામે છે. આદિવાસી વિસ્તારોમાં ઘરમાં દીવી (જેમાં પાંચ-છ વાંસના ત્રણ ફૂટના ટૂંકડા) સળગાવીને ઘરને પવિત્ર કરી રોગચાળા, નકારાત્મક વિચારો અને આસુરીશક્તિથી મુક્તિ મળે તેવી પ્રાર્થના કરવાનો રિવાજ છે. ઉપરાંત દિવાળી ઉજવવાની શરૂઆત ઘરમાં જ ફટાકડા ફોડીને કરે છે.

## નર્મદા જિલ્લાના આદિવાસીઓની અનોખી પ્રથા

રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં દિવાળી ટાણે કાણાંવાળી માટલી (કુલડી)નો શુભ કામોમાં વિશેષ ઉપયોગ થતો હોય છે. નર્મદા જિલ્લો આદિવાસી વિસ્તાર હોવાથી આદિવાસીઓમાં કાળી ચૌદશને દિવસે કુલડીનો ઉપયોગ કરવાની વર્ષો જુની પ્રથા છે. આદીવાસીઓમાં કૂવો ખોદતી વખતે, ખાતમુર્હત કરતી વખતે, યજ્ઞ કરતી વખતે, જમીનમાં કાણાંવાળી કુલડી દાટવાનો રિવાજ છે. આદિવાસીઓમાં દિવાળી તહેવાર દરમિયાન શ્રધ્ધા-માનતાના આધારે જુદાજુદા રીત-રિવાજોમાં કુલડીનો ઉપયોગ થાય છે.

## ખાખોહલો : કકળાટ કાઢવાની પ્રથા

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓ ખાસ કરીને દેવદિવાળીનો તહેવાર ઉજવતા હોય છે. દરેકના ઘરમાં આખા વર્ષ દરમ્યાન કોઈ પણ પ્રકારની તકલીફ કે પનોતી રહી હોય તો તે ઘરમાંથી નીકળી જાય અને આવનારુ વર્ષ ખુબ સારું રહે તેવી માન્યતા સાથે એક અનોખી વિધિ



કરવામાં આવે છે. એક જૂના કાદવના માટલામાં વાળ અને મરઘીના ઈંડાના ખોપચા તથા લાલ મરચું તેમજ અડદના પાંચ ઢેબરાને મુકીને એક નાની લાકડી હાથમાં લઈને ટપલી મારતાં મારતાં 'રોગભોગ માળવે જાય, ચાંદુ-ગુમડુ માળવે જાય, પીડા-પનોતી માળવે જાય, ભૂત-પ્રેત માળવે જાય, ડાકણ-ચૂડેલ માળવે જાય' એમ બોલતા બોલતા આખા ઘરમાં ફરીને ગામના પાદરે લઈ જવાય છે. ત્યાં જમીનથી થોડે ઊંચેથી માટલું પછાડીને મોટેથી 'એક કુરલો કુરરરુઉઉ' કરીને ફટાકડો ફોડીને આ વિધિ પુરી કરવામાં આવે છે. આદિવાસીઓએ વર્ષો જૂની ઘરમાંથી ખાખોહલો (કકળાટ) કાઢવાની અનોખી પ્રથા આજે પણ સાચવી રાખી છે.

## બેઢૈયા મૂકવાની અનોખી પરંપરા



પંચમહાલ જીલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં દેવદિવાળી ધામધૂમપૂર્વક ઉજવવામાં આવે છે. જીલ્લાના ગ્રામીણ પંથકમાં દેવદિવાળીના દિવસે દીવા સાથેના બેઢૈયા (ગરબો) ગામમાં આવેલા મંદિરે મૂકવાની પરંપરા વર્ષોથી ચાલતી આવે છે. આ વિસ્તારમાં દેવદિવાળીના તહેવારને દિવાળીના તહેવાર જેટલું જ મહત્વ આપવામાં આવે છે. આ દિવસે ગ્રામ્ય વિસ્તારોમાં લાડુનું ભોજન બનાવવામાં આવે છે. શહેરા તાલુકાના લાભી ગામે આ પ્રકારની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. દેવદિવાળીની સાંજે ગ્રામજનો દ્વારા ગામના મુખ્ય ખોડીયાર માતાના મંદિરે દીવા સાથેના ગરબા લઇ જવાની અનોખી પરંપરા ચાલી આવે છે જેને બેઢૈયા (એક પ્રકારનો ગરબો) કાઢવાની પરંપરા પણ કહેવામાં આવે છે. આ ગરબો મૂકવા માત્ર પુરુષો અને યુવાનો જ જાય છે. ગામના દરેક ઘરમાંથી એક ગરબો જાય છે. પુનમની સમીસાંજે દીવાઓથી મંદિર પરિસર ઝગમગી ઉઠે છે. આ પરંપરા વર્ષોથી ચાલતી આવે છે. કહેવાય છે કે આ રીતે ગરબો મૂકવાથી ઘરમાં સુખશાંતિ પ્રવર્તે છે અને સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે.

## અશ્વદોડના ધમધમાટથી દિવાળીની ઊજવણી



બનાસકાંઠા જિલ્લાના બુકોલી ગામમાં દિવાળીની પાંચ દિવસની ઉજવણીની જે પરંપરા છે તે અનોખી અને રસપ્રદ છે. આ રાજ્યનું એકમાત્ર ગામ હશે કે જ્યાં સળંગ પાંચ દિવસ અશ્વદોડ થાય છે. આ રેસ કોઇ સ્પર્ધા માટે નહીં, પરંતુ ધાર્મિક પરંપરા મુજબની છે. ધનતેરસથી લઇને ભાઈબીજ સુધીના પાંચ દિવસના તહેવાર દરમિયાન બુકોલી સહિત આસપાસના લોકો ઘોડા દોડાવવા માટે અહીં આવે છે. બુકોલીમાં કોટિયાવીરનું મંદિર આવેલું છે. આ મંદિરમાં પૂજા અર્ચના સાથે ગામનાં લોકો પાંચ દિવસ દરમિયાન ઘોડાની રેસ લગાવે છે. અંદાજે ૧૦૦થી વધારે ઘોડેસવાર રેસમાં સામેલ થાય છે જેમાં કેટલાક ઘોડેસવાર દોડતા ઘોડા પર ઊભા થવાના કરતબ પણ કરતાં હોય છે.

Sources & Photo Courtesy : https://gu.vikaspedia.in, https://shareinindia.in, www.meranews.com, www.divyabhaskar.co.in, https://nizarvoice.blogspot.com, http://kcgjournal.org, www.gujaratsamachar.com, https://gujarati.connectgujarat.com, www.sandeshnews.tv, https://sandesh.com, www.loksattanews.co.in, https://25kalak.com, https://i.ytimg.com, https://images.bhaskarassets.com)

# દિવાળી સાથે જોડાયેલી પૌરાણિક કથાઓ

દિવાળીનો તહેવાર માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના ઘણા દેશોમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. ધનતેરસથી ભાઈબીજ સુધી ચાલતા આ પાંચ દિવસના ઉત્સવનો ઇતિહાસ ખૂબ જ જૂનો છે. આ તહેવાર સાથે જોડાયેલી કેટલીક પૌરાણિક કથાઓ વિષે જાણીએ.

## લક્ષ્મીજી દિવાળીના દિવસે પ્રગટ થયા હતા

દિવાળીના દિવસે ક્ષીરસાગરમાંથી દેવી લક્ષ્મીજી પ્રગટ થયા હતા. એટલા માટે આ દિવસે તેમની પૂજા કરવામાં આવે છે. આથી લોકો માતા લક્ષ્મીનું સ્વાગત કરવા આ દિવસે ઘરોને શણગારે છે અને લક્ષ્મીજીનું પૂજન કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે લક્ષ્મી-વિષ્ણુનાં લગ્ન પણ દિવાળીની રાતે થયાં હતા.

## શ્રીરામ વનવાસ ગાળી અયોધ્યા પરત ફર્યા

રામાયણ સાથે સંકળાયેલી કથાઓ અનુસાર, ત્રેતાયુગમાં દિવાળીના દિવસે ભગવાન શ્રીરામ માતા સીતા અને લક્ષ્મણ સાથે ૧૪ વર્ષનો વનવાસ ગાળ્યા બાદ અયોધ્યા પાછા ફર્યા હતા. અયોધ્યાવાસીઓએ તેમના સ્વાગત માટે દીપ પ્રગટાવી મીઠાઇનું વિતરણ કર્યું હતું. શ્રીરામના પરત આવવાનાં પ્રસંગે દર વર્ષે દીવડાઓ પ્રગટાવી અને મીઠાઇ વહેંચીને આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે.

## ગોવર્ધન પૂજા: ઈન્દ્રનો ઘમંડ તૂટયો

ભગવાન શ્રીકૃષ્ણએ ઇન્દ્રની જગ્યાએ ગોવર્ધન પર્વત (એટલે કે પ્રકૃતિ)ની ઉપાસના શરૂ કરતાં રોષે ભરાયેલા, ઇન્દ્રએ એટલો વરસાદ વરસાવ્યો કે વિનાશ થયો. શ્રી કૃષ્ણએ ત્યારબાદ ઇન્દ્રનું અભિમાન તોડવા માટે ગોવર્ધન પર્વતને આંગળી પર ઉંચકીને ગોકુળવાસીઓની રક્ષા કરી. ત્યારથી કારતક માસના શુક્લ પક્ષની પ્રતિપદાને ગોવર્ધન પૂજનની પ્રથા શરૂ થઈ.

## યમુનાને મળ્યું હતું વરદાન

માન્યતાઓ અનુસાર, યમુના ઘણી વાર તેના ભાઈ યમરાજને ઘરે આવવાની અને જમવાની વિનંતી કરે છે, પરંતુ યમરાજ આવી શકતા ન હતા. એકવાર, કારતક શુક્લ પક્ષના બીજા દિવસે, યમરાજ તેના ઘરે પહોંચ્યા ત્યારે યમુનાએ યમરાજ પાસેથી વચન માંગ્યું કે તેઓ દર વર્ષે આ દિવસે તેના ઘરે આવશે. આ કથા પરથી ભાઈબીજના તહેવારની આ પરંપરા શરૂ થયાનું માનવામાં આવે છે.

## યમરાજે નચિકેતાને જ્ઞાન આપ્યું

કઠોપનિષદ મુજબ પિતા ઉદ્દલ ઋષિએ નચિકેતાને યમરાજને દાન આપવાનું કહ્યું હતું. પિતાની આજ્ઞા પાળવા માટે નચિકેતા દિવાળીના દિવસે યમલોકમાં પહોંચ્યા, પરંતુ ત્યાં યમરાજ ન મળી શક્યાં, તો નચિકેતા ત્યાં રોકાઈ યમરાજના આગમનની રાહ જોવા લાગ્યા. આ જોઈને યમ ખુશ થયા અને ત્રણ વરદાન માંગવા કહ્યું. નચિકેતાએ તેના પિતાનો સ્નેહ, અગ્નિવિદ્યા અને મૃત્યુના રહસ્ય અંગેનું જ્ઞાન માંગ્યું.

## માએ ધર્યું મહાકાળીનું રૂપ

એવું માનવામાં આવે છે કે માતા દુર્ગાએ દીપાવલીના દિવસે મહાકાળીનું સ્વરૂપ લીધું હતું. રાક્ષસોનો નાશ કરતાં કરતાં મહાકાળી માતા દેવતાઓનો વિનાશ કરવા લાગ્યા ત્યારે મહાદેવ મહાકાળી સમક્ષ સૂઈ ગયા. ગુસ્સામાં શિવજીની છાતી ઉપર ચઢતાની સાથે જ તેમનો ગુસ્સો શમી ગયો. એટલા માટે જ દિપાવલી પર કાલી પૂજા પણ કરવામાં આવે છે.

## ભગવાન વિષ્ણુ બન્યા હતા રાજા બલીના દ્વારપાળ

રાક્ષસોનો રાજા બલી દાનવીર હતો. તેનું રાજ્ય દયા, દાન, અહિંસા, સત્યને વરેલું હતું. આવા રાજ્યની રક્ષા માટે ભગવાન વિષ્ણુએ રાજાના દ્વારપાળ તરીકેનું કાર્ય સ્વીકાર્યું. કારતક મહિનાની પૂર્ણિમાના દિવસે, તેણે રાજાની ધર્મનિષ્ઠ સ્મૃતિને જાળવવા માટે ત્રણ દિવસ અહોરાત્રી ઉત્સવ યોજવાનું નક્કી કર્યું. આ તહેવાર દીપમાલિકા તરીકે પ્રખ્યાત છે.

## શ્રી રામ-સીતાના વ્રત સાથે જોડાયેલી છઠ પૂજા

દિવાળી પછી આવતું સૂર્યની ઉપાસનાનું મહાપર્વ ‘છઠ’ પણ શ્રી રામ સાથે સંકળાયેલ છે. એક માન્યતા અનુસાર ભગવાન રામ અને માતા સીતાએ રાવણ દહન પછી કારતક શુક્લ ષષ્ટિ પર વ્રત કર્યા બાદ સૂર્યદેવની પૂજા કરી હતી. બીજા દિવસે એટલે કે સપ્તમીએ ઉગતા સૂર્યની પૂજા કરીને ધન્યતા અનુભવી હતી. આ છઠપૂજાની ભારતમાં ઉત્તરપ્રદેશ, ઝારખંડ, નેપાળ, બિહાર અને ઘણા વિસ્તારોમાં ઉજવણી કરવામાં આવે છે.

## ભગવાન મહાવીરનું મહાનિર્વાણ

જૈન ધર્મ દિવાળીને ભગવાન મહાવીરના મોક્ષ દિવસ તરીકે ઉજવે છે. એવું માનવામાં આવે છે કે ભગવાન મહાવીરે દિવાળીના દિવસે મોક્ષ પ્રાપ્ત કર્યો હતો.

## સમ્રાટ અશોક દ્વારા બૌદ્ધ ધર્મ અંગીકાર

બૌદ્ધ ધર્મના લોકો સમ્રાટ અશોક દ્વારા બૌદ્ધ ધર્મ અપનાવવાની ઉજવણી તરીકે દિવાળીને ઉજવે છે. આ તહેવારને બૌદ્ધ ધર્મમાં અશોક વિજયાદશમી પણ કહેવામાં આવે છે અને આ તહેવાર મઠોની સજાવટ અને પ્રાર્થના કરીને ઉજવવામાં આવે છે.

(Source : https://zeenews.india.com)